# પલાશ

શ્રી ઝવેરચંદ મેઘાણી

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

સુરેન્દ્રનગર

વર્ષ : ૧ ૧૫ જુન ૨૦૦૩ અંક : ૯

તંત્રી : એન. જે. મકવાણા

સહતંત્રી : સી. ટી. ટુંડીયા

સંપાદક : ડાયટ પરિવાર, સુરેન્દ્રનગર

તકનિક : ડી. કે. ગોસાઈ


**સર્જકોને**

- શિક્ષકોને પ્રેરણાદાયી, વર્ગ શિક્ષણ કાર્યમાં ઉપયોગી બને તેવા મૌલિક, સરળ ભાષામાં અભ્યાસપૂર્ણ, અનુભવજન્ય, ટૂંકા લેખો આવકાર્ય છે.
- બાળક, શાળા કે શિક્ષણ કેન્દ્રી વાર્તાઓ – બાળ કાવ્યો, પ્રસંગકથા – ઘટનાઓ, સ્થાનિક પર્યાવરણને અનુરૂપ લેખો આવકાર્ય છે.
- અન્યત્ર પ્રગટ થયેલ કૃતિ ન મોકલવી.
- લેખ પ્રકાશન અંગે પત્ર વ્યવહાર ન કરવો.
- સામયિકમાં પ્રસિધ્ધ થતા વિચાર સાથે તંત્રી સહમત છે તેમ માનવું નહી.

**Learing to Fly**

**પત્ર વ્યવહારનું સરનામું**


પ્રતિ,
તંત્રીશ્રી, (પલાશ)
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
શ્રી સ્વામિનારાયણ ગુરુકુળની સામે,
સુરેન્દ્રનગર – ૩૬૩ ૦૦૧
ફોન / ફેક્સ : (૦૨૭૫૨) ૨૨૩૧૭૦
E-Malil : dietsnr@yahoo.co.in


સારસ્વત ભાઈ–બહેન

"શાળા પ્રવેશોત્સવ" અને "વૃક્ષારોપણ"

ઉનાળાના વેકેશન બાદ ફરી તરો – તાજા થઈ શિક્ષણની મહાયાત્રામાં આપ જોડાંઈ ગયા હશો...!

આપની દરેક પ્રાથમિક શાળાના પ્રાંગણમાં **"શાળા પ્રવેશોત્સવ"** જેવો રૂડો અવસર આવી રહયો છે. આ કાર્યક્રમ તે આપણાં માટે સમાજ પ્રત્યેના કતૃત્વનો કાર્યક્રમ છે, ઉત્સવ છે.

શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમમાં કોઈ શિક્ષક નાંચતો હોય, ધીબાંગ ધીબાંગ ઢોલ વાગતો હોય, ગ્રામજનો હીલોળે ચઢયા હોય અને બાળકોના મુખ પર સાંભલે ધારે હાસ્ય વરસતું હોય પછી તેનો આનંદ સાગરની ગહેરાઈ કરતાં ઊંડો અને આકાશની ઊંચાઈ કરતાં ઊંચો જ હોય,

શિક્ષક મિત્રો, શાળામાં પ્રવેશ પામતાં બાળકોના વરદ્ હસ્તે **"વૃક્ષારોપણ"**નો કાર્યક્રમ કરી શકાય ? ચાલો, આપની શાળામાં આ કાર્યને અમલી બનાવીએ. બાળક અને છોડ બંનેનો ઉછેર સાથે કરીએ...! **છોડમાં રણછોડ.**

શાળા પ્રવેશોત્સવના ઉત્સવ દરમિયાન તમામ શાળાઓમાં ૧૦૦ % નામાંકન થાય અને આ ઉત્સવ ભવ્ય બની રહે તેવી શુભ કામનાઓ...!

એન. જે. મકવાણા
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરેન્દ્રનગર


## Award To School - 2003
### ( તાલુકા કક્ષાએ )

| ક્રમ | તાલુકો | ક્રમ | શાળાનું નામ | આચાર્યશ્રીનું નામ |
|---|---|---|---|---|
| ૧. | સાયલા | ૧. | પે.સે.શાળા નં.૧–સાયલા | શ્રી બીપીનચંદ્ર ડી. રાવલ |
| | | ૨. | પ્ર..શાળા – નડાળા | શ્રી મહેશભાઈ પટેલ |
| | | ૩. | પ્રા.શાળા – ભાડુકા | શ્રી દિનેચંદ્ર જોશી |
| ૨. | મૂળી | ૧. | પે.સે.શાળા – વગડીયા | શ્રી વિક્રમભાઈ ડી. સુથાર |
| | | ૨. | પે.સે.શાળા – જશાપર | શ્રી દેવાભાઈ સભાડ |
| | | ૩. | પ્રા.શાળા –કળમાદ | શ્રી મનજી ભાઈ રાઠોડ |
| ૩. | ધ્રાંગધ્રા | ૧. | પ્રા.શાળા – વાવડી | શ્રી પ્રેમજીભાઈ ચાવડા |
| | | ૨. | પ્રા.શાળા – જીવા | શ્રી નિલેશભાઈ પટેલ |
| | | ૩. | પ્રા.શાળા – જશાપર | શ્રી હસમુખભાઈ પરમાર |
| ૪. | હળવદ | ૧. | પ્રા.શાળા – સમલી | શ્રી ત્રિભોવનભાઈ માલવણીયા |
| | | ૨. | પ્રા.શાળા – દેવપુર | શ્રી યાસીનભાઈ મુલતાની |
| | | ૩. | પે.સે.શાળા – મેરૂપર | શ્રી પ્રહલાદભાઈ વિરાણી |
| ૫. | પાટડી | ૧. | પ્રા.શાળા – માલવણ | શ્રી ચંદુલાલ એચ. મોટકા |
| | | ૨. | ક.પ્રા.શાળા – વડગામ | શ્રી જયંતીભાઈ પ્રજાપતિ |
| | | ૩. | પ્રા.શાળા – સેડલા | શ્રી રતિલાલ પટેલ |
| ૬. | લીંબડી | ૧. | પ્રા.શાળા – આણંદપુર | શ્રી પ્રભુભાઈ એચ. સોલંકી |
| | | ૨. | પ્રા.શાળા – રામરાજપર | શ્રી બાલકૃષ્ણભાઈ સાધુ |
| | | ૩. | પ્રા.શાળા – ગોપાલનગર | શ્રી રતિલાલભાઈ મહેતા |
| ૭. | ચુડા | ૧. | પ્રા.શાળા – ચમારડી | શ્રી મગનભાઈ હળવદીયા |
| | | ૨. | પ્રા.શાળા – સેજકપર | શ્રી કેશવભાઈ રાઠોડ |
| | | ૩. | પ્રા.શાળા – છત્રીયાળા | શ્રી સંજયભાઈ મેણીયા |
| ૮. | લખતર | ૧. | પ્રા.શાળા – કળમ | શ્રી દિલીપસિંહ જે. રાણા |
| | | ૨. | પે.સે.શાળા – ૧, લખતર | શ્રી ગજુભા કે. રાણા |
| | | ૩. | પ્રા.શાળા – નાના અંકેવાળીયા | શ્રી અમીરસઅલી હાંરજાણી |
| ૯. | ચોટીલા | ૧. | પ્રા.શાળા – ખેરાણા | શ્રી ભરતભાઈ પટેલ |
| | | ૨. | પ્રા.શાળા નં. ૨, બામણબોર | શ્રી અજમલભાઈ પટેલ |
| | | ૩. | પે.સે.નં.૧, થાનગઢ | શ્રી રમણીકભાઈ ચાંવ |
| ૧૦. | વઢવાણ | NIL | | |

❋ ડાયેટ પરિવારની ખૂબ ખૂબ શુભેચ્છાઓ...

# ગરવી ગુજરાત

## સ્થાપના દિન તા : ૧ મે, ૧૯૬૦



ધન્ય ભૂમિ ગુજરાત ધન્ય હે ધન્ય ગિરા ગુજરાતી,
કૃષ્ણ–ચરણરજ–પુનિત ધરા આ ગાંધી ગિરા ગુજરાતી.

નરસિંહ મીરાં અખો જ્ઞાનભકિતની અને જવાલાઓ
પ્રેમાનંદ ગોવર્ધનરામે પાયા રસ પ્યાલાઓ
માટીમાંથી મર્દ નીપજયાં ગાંધી–તપ આધારે,
અડગ ખડક કીધા સંગ્રામે વજ્ર સમા સરદારે.

સૌરાષ્ટ્ર કચ્છ આનર્ત શ્વભ્રને લાટ અનુપ અપરાંત,
તાપી રેવા મહી શ્વભ્રમતી સરસ્વતી જલકાન્ત,
નાગ અસુર યાદવ હૈહય શકક્ષત્રય ગુર્જર કાઠી,
પારસિક ઈસ્લામી એક રસ થઈ કાયા આ ગાંઠી.

ધન્ય ભૂમિ ગુજરાત ધન્ય હે ધન્ય ગિરા ગુજરાતી,
કૃષ્ણ–ચરણરજ–પુનિત ધરા આ ગાંધી ગિરા ગુજરાતી.

– **ઉમાશંકર જોશી**

ગુજરાત રમણીય ભૂમિ છે. ગુજરાત ભારતનો એક ખંડ તો છે જ પણ એક એવો ખંડ જેને પોતાનું આગવું સાંસ્કૃતિક અસ્તિત્વ છે. પોતાના સંસ્કારિતા અને સામ્રાજયનો એક આગવો ઈતિહાસ છે.

ધન્ય હો ધન્ય જ પુણ્ય પ્રદેશ, અમારો ગુણિયલ ગુર્જર દેશ. પશ્ચિમે કચ્છથી દમણ સુધીનો સાગરકાંઠો ને પૂર્વે અરવલ્લી અને પશ્ચિમઘાટને જોડતી ડુંગરમાળ અને જંગલો – વચ્ચે આરાસુરથી દમણ અને દ્વારકાથી છોટાઉદેપુર સુરપાણેશ્વર સુધી વિસ્તરેલી ગુર્જરભૂમિ રસાળ છે. સરિતાઓ અને સરોવરો, વાડીઓ અને ખેતરો, ઉદ્યોગો અને બજારો, મંદિરો અને મહાલયો, શાળાઓ અને મહાશાળાઓ, ગામડાં અને નગરોથી સભર ગુજરાતની ધરતી જેવી સમૃધ્ધ છે તેવો ઈતિહાસ પણ સમૃધ્ધ છે. અનેક ઐતિહાસિક સ્મારકો, ધાર્મિક સ્થાનકો, ઔદ્યોગિક મથકો અને સરસ્વતીસદનો ગુજરાતની સાંસ્કૃતિક ચેતનાનો પરિચય કરાવે છે. ગુર્જર પ્રદેશમાં ભગવાન કૃષ્ણથી માંડી મહાત્મા ગાંધી સુધીની એનક વિરલ વ્યકિતઓ અને વિભૂતિઓનાં સંસ્મરણો જાગે છે. વીરત્વ અને ઔદાર્ય, કાર્યદક્ષતા અને કલ્પનાશીલતા, ધનાઢયતા અને ઔદાર્ય, તપ અને ત્યાગ, જ્ઞાન અને ભકિતની અનેક કથાઓનો મહાસાગર છે. હજારો વર્ષથી આગવી અસ્મિતા અને સંસ્કારિતાને જાળવીએ અને વિકસાવીએ.

ગુજરાતને સીમાડા નથી. 'ગુજરાત' એક જીવંત અને જાગ્રત વ્યકિત છે. જે પોતાને એક કલ્પવામાં પોતાનું અસ્તિત્વ એક દ્રઢ સંકલ્પ દ્વારા સમજવામાં જીવન સાફલ્ય સમજે છે અને ગુજરાતીઓનું બન્યું છે ખરું. પણ એ માત્ર માનવીઓનો સમૂહ નથી. જયાં ગુજરાતીઓ 'ગુજરાત' છે ને રહેશે એવી નિર્ણયાત્મક કલ્પના સેવી એકઠા મળે છે ત્યાં ગુજરાતની હસ્તી છે.

– **કનૈયાલાલ મુનશી**

## શાળા પ્રવેશોત્સવ
(ગીતો)

### ફુગ્ગાનું ઝાડ
– હસમુખ ડી. ઓવાણી

ફુગ્ગાનું ઝાડ ઉગ્યું ફુગ્ગાનું ઝાડ,
મારી નિશાળમાં ફુગ્ગાનું ઝાડ.

ઉત્સવ પ્રવેશનો ઉજવ્યો ઉમંગથી
આંગણિયે થનગનતાં નાનેરા બાળ
મારી નિશાળમાં ફુગ્ગાનું ઝાડ.

લખવાને નામ અમે ખખડાવ્યાં ખોરડાં,
વગડાવ્યાં ઢોલ ને શણગાર્યા ઓરડાં,
આવજો બાળક મારી નિશાળ,
મારી નિશાળમાં ફુગ્ગાનું ઝાડ.

દિવાલે દિવાલે ચિત્તર ચિતરાવ્યાં,
કક્કો બારાક્ષરી મોટાં લખાવ્યાં,
ભણવાનો ભાર ના ખભે ટીંગાડ,
મારી નિશાળમાં ફુગ્ગાનું ઝાડ.

પાટી–પેન–દફતર કશું ના લાવજો,
નાનકડાં હાથ લઈ ભણવાને આવજો,
નાહી–ધોઈ આવજો, ઓળીને વાળ,
મારી નિશાળમાં ફુગ્ગાનું ઝાડ.

બાળ–મિત્ર વર્ગમાં ભણવાનું ગમશે,
રમતાં–રમતાં ગણવાનું ગમશે,
આવીને ચાલ હવે સૌને રમાડ,
મારી નિશાળમાં ફુગ્ગાનું ઝાડ.

કુમકુમ તિલક કરી પહેરાવી ટોપીઓ,
નાનકડાં બાળ કૃષ્ણ–રાધાને ગોપીઓ,
નિરખવા એમને ઝૂકી ગઈ ડાળ,
મારી નિશાળમાં ફુગ્ગાનું ઝાડ.

ફુગ્ગાનું ઝાડ ઉગ્યું ફુગ્ગાનું ઝાડ,
મારી નિશાળમાં ફુગ્ગાનું ઝાડ.

આચાર્ય, પ્રા.શાળા – ઈસદ્રા (ધ્રાંગધ્રા)

### મારી નિશાળ
– ઈકબાલભાઈ ગ. સંઘરીયાત

વ્હાલી લાગે છે મને મારી નિશાળ
ઝાડવાઓ રોપ્યા છે તેમા અપાર
લીંબડી ને પીપળો
બાવળ ને બોરડી
બોર માર માથે પડે છે અપાર...વ્હાલી.
આંબલી ને આવળ
પીપળ ને વડલો
વડવાઈઓ હીંચકા ખવડાવે બે–ચાર...વ્હાલી.
કણજી ને ગુલમહોર
જાબુંડો ને આંબલો
કેરી મને આંબલો આપે અપાર...વ્હાલી.
નિલગિરી ને ખીજડો
વાંસ ને પિલુડી
પિલુની પથારી પડી પરથાળ...વ્હાલી.

પ્રા.શાળા – દરોદ (ચુડા)

### વહાલાં બાળકો

વા'લા વા'લા બાળકો
નાનાં નાનાં બાળકો,
આવો ને આજ
આપણી આ દુનિયામાં આપણું છે રાજ.

તરૂવરને વાવજો,
ફૂલછોડ વાવજો, નાની શી વાટ,
આપણી આ દુનિયામાં ફૂલડાની ભાત.

મેહુલ શા આવજો
ખીલું ખીલું આવનો, બે'નની સંગાથ
જાણજો ને શીખજો નવી નવી વાત.

ઢોલકના તાલમાં
નૃત્યની ચાલમાં, ચિતરજો ભાત
નાનાં નાનાં બાળકોના નાના શા હાથ

કોયલના ટહૂકાને,
વીણી વીણી લાવજો, સંભારી ખાસ,
ભર્યા ભર્યા ખેતરના કોતરાવો ચાસ

– બાદલ

# પ્રવેશોત્સવ ( બાળ નાટીકા )

– વી. ડી. અઢીયોલ

**પાત્રો : રંગલો–રંગલી–શિક્ષક–શિક્ષિકા–બાળકો.**

**(પ્રવેશ : રંગલો–રંગલી)**

રંગલી : એ રંગલા, આ ક્યા ભણતરની વાત કરે છે તું ?

રંગલો : એ રંગલી, આ જો તો ખરી આ ગામના શિક્ષકો બાળકોને શાળામાં પરાણે લેવા માટે આવ્યાં છે.

**(પ્રવેશ : શિક્ષિકા–શિક્ષક)**

રંગલી : હેં માસ્તર સાહેબ, આ અમારા બાળકોને શાળામાં લેવા શું કામ આવ્યા છો ? એ તો એની મેળે જ શાળામાં જતા થાય એવો કોઈ કાર્યક્રમ કરોને...

શિક્ષક : જુઓ રંગલીબેન, આ એજ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની વાત કહેવા તમારા ઘેરઆવ્યા છીએ.

રંગલો : આ શાળા પ્રવેશોત્સવ વળી ક્યું ભૂત છે ?

શિક્ષક : જુઓ રંગલા ભાઈ, આ વર્ષે જે ઘરમાં ફરજિયાત વય જૂથ એટલે કે ૬ થી ૧૪ વર્ષની વય ધરાવતા બાળકો હોય અને શાળામાં ભણવા ન આવતાં હોય તે શાળામાં ઉત્સાહભેર આવતાં થાય તે માટેનો આ કાર્યક્રમ છે, તેને શાળા પ્રવેશોત્સવ કહે છે.

રંગલી : હેં માસ્તર સાહેબ, આ કાર્યક્રમ ક્યારે ઉજવવામાં આવે છે ?

શિક્ષક : આમ તો અષાઢી બીજ સુધી એટલે કે ૧૨ મી જુલાઈ સુધી આ કાર્યક્રમ ઉજવવામાં આવે છે.

**( પ્રવેશ : બાળકો )**

બાળકો : સાહેબ, શાળામાં જઈને તમે અમને ધમકાવશો તો નહી ને ?

શિક્ષિકા : ના – ના – ના બાળકો,
શાળા પ્રવેશોત્સવના દિવસે તમને નવા કપડાં પહેરાવીને, કપાળમાં કંકુ ચોખા ચોટાડીને, માથે ટોપી પહેરાવીને, હાથમાં ફુગ્ગા આપીને તમારો વરઘોડો ગામમાં ફેરવી પછી શાળામાં તમારું સ્વાગત કરવામાં આવશે.

શિક્ષક : પછી ત્યાં તમને ચોકલેટ પણ આપવામાં આવશે.

શિક્ષિકા : અરે સ્લેટ–પેન અને દફતર પણ આપવામાં આવશે.

રંગલી : અને બેન, આ મારી દિકરી ટીની ને ભણવાની શી જરૂર છે, આ મારા લાલાને નીશાળે લઈ જજો.

શિક્ષિકા : અરે રંગલીબેન, તમે તો ભણ્યા નહી પણ તમારી દિકરીને તો ભણવા દો અને આપણી ગુજરાત સરકારે તો હવે કન્યા કેળવણીને વધારે ને વધારે મહત્વ આપતા કાર્યક્રમો ઘડી કાઢયા તમારી દિકરીને શાળામાં અવશ્ય લઈ જવાની જ છે પણ દિકરીને નિશાળમાં મોકલવાની વાત તમારા આડોશી – પાડોશીને પણ જરૂરથી પહોંચાડજો.

રંગલો : શાળા પ્રવેશોત્સવ છે શિક્ષણની વાત,
દિકરા દિકરીને ભણવા મોકલે તેની માત.
સૌ બાળકો જો ભણવા આવશે તો,
આપણા ગામની પડશે જુદી ભાત.
તા.ક.થૈ.આ. થૈ.આ.તા.થૈ.

જુ.લેકચરર, ડાયેટ – સુરેન્દ્રનગર ( હાલ : ડાયેટ – મહેસાણા )

# શાળા પ્રવેશોત્સવ

– સી. ટી. ટુંડીયા

**પ્રસ્તાવના :**

આજે વિશ્વ દરેક ક્ષણે પ્રગતિના પંથે આગળ ધપી રહયું છે. આઝાદી મળ્યાં ને આજે કેટલાં વર્ષો થયાં ? એક બાજુ આધુનિકતાનો યુગ, બીજી તરફ બાળ મજૂરીની વાસ્તવિકતાઓ. ભારત દેશના સંવિધાનમાં કલમ – ૪૫ (ક) માં ૬ થી ૧૪ વર્ષની વય જૂથના તમામ બાળકોને મફત, ફરજિયાત અને સાર્વત્રિક શિક્ષણ મળે તેવું બંધારણના માર્ગદર્શન સિધ્ધાંતોમાં સૂચવવામાં આવેલ છે.

ભારત દેશ અને તેની આગવી સંસ્કૃતિ વિશ્વમાં મહાન છે. દરેક ભારતીય ઉત્સવ પ્રિય છે. તાણા–વાણાની જેમ ઉત્સવ, ધર્મ અને સમાજ એક બીજામાં વણાઈ ગયા છે. આજે પણ તમે જૂઓ કેટલાંક કુંટુંબોમાં વસંત પંચમીના દિવસે પાટી–સ્લેટની કુમ–કુમ અક્ષતથી પૂજા કરવામાં આવે છે.

આજના સામ્પ્રત યુગમાં શિક્ષણ સાચા અર્થમાં બાળકેન્દ્રી બની રહયું છે. શિક્ષણમાં ગુણવત્તા સુધારણા અભિયાન પૂરજોશમાં ચાલી રહયું છે. જુદા જુદા અભિગમો 'બાળક' ને કેન્દ્રમાં રાખીને અમલી બની રહયાં છે.

ચાલો... આપણે 'શાળા પ્રવેશોત્સવ' કાર્યક્રમને સમજીએ, અમલી બનાવીએ અને રાષ્ટ્રની કામગીરીમાં સહભાગી બનીએ.

**શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ શા માટે ?**

આપને પ્રશ્ન થાય કે શા માટે શાળામાં બાળકની એક જ દિવસે નામની નોધણી કરીએ છીએ ? તમે જૂઓ ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારનું પર્યાવરણ – સમાજ રચના અલગ અલગ છે. જો બાળક એકજ સમયે શાળામાં પ્રવેશ ન મેળવે તો તેની મનોવૈજ્ઞાનિક અસર શું જન્મે છે ? આ માનસિક પરિસ્થિતિ શાળામાં મોડેથી પ્રવેશ મેળવનાર બાળક જ અનુભવી શકે !

**'શાળા પ્રવેશોત્સવ' એટલે –**

''મોજણી મુજબ તમામ બાળકો (૧૦૦ % નામાંકન )નું શાળામાં એક દિવસે પ્રવેશ મેળવે અને તે દિવસે શાળામાં પ્રવેશપાત્ર બાળકોનો સત્કાર સન્માન કાર્યક્રમ ઉજવવામાં આવે. શાળાનો પ્રથમ દિવસ બાળકો માટે આનંદદાયક, ભાવમય અને ઉત્સવમય બની રહે. શાળામાં પ્રવેશ પામતા બાળકોને શાળામાં આવવું ગમે, ભણવાનું ગમે અને ત્યાંજ રહેવાનુ મન થઈ જાય તેવા વાતાવરણનું નિર્માણ કરવું એટલે – શાળા પ્રવેશોત્સવ''.

**'શાળા પ્રવેશોત્સવ' ના હેતુઓ :**

- ✦ શાળામાં ૧૦૦ % નામાંકન થાય ( ૬ થી ૧૪ વર્ષની વય જૂથના તમામ બાળકો )
- ✦ એકજ દિવસે – સમયે પ્રવેશવિધિ.
- ✦ તમામ બાળકો સમાન શિક્ષણ મેળવે. ( ધોરણ – ૧ માં પ્રવેશપાત્ર )
- ✦ બાળકોનું શાળા પ્રત્યેનું આકર્ષણ વધે તેવું પર્યાવરણ – કાર્યક્રમ.
- ✦ લોકોની શાળાના કાર્યક્રમમાં સહભાગીદારીતા.
- ✦ ગ્રામજનો શાળાભિમુખ બને. (પહેલાં નિશાળ ગામમાં જાય, પછી ગામ નિશાળમાં આવે.)
- ✦ બાળકોનો ગુણાત્મક સુધાર વધે.

**પ્રવૃત્તિઓ :**

'શાળા પ્રવેશોત્સવ' ઉજવણીનો કાર્યક્રમ સફળ બનાવવા માટે કેવી કેવી પ્રવૃત્તિઓ કરી શકાય.

જેમ કે –

- ❖ ગ્રામસભા
- ❖ વાલી સંમેલન (ધો.૧ માં પ્રવેશપાત્ર બાળકના માતા–પિતા)
- ❖ સ્થાનિક વાજીત્રો સાથે પ્રભાતફેરી
- ❖ ટ્રેકટર/ગાડા/ઊંટગાડી વિ.નો શણગાર
- ❖ શાળા સુશોભન

- ❖ બાળકોનું સ્વાગત
- ❖ સાંસ્કૃતિક કાર્યક્રમો
- ❖ બાળકો – શિક્ષકો – ગ્રામજનોએ ટોપી પહેરવી
- ❖ બાળવાર્તા–બાળગીતો–નાટક–રાસ
- ❖ બાલમિત્રના વર્ગની સજાવટ
- ❖ મીઠાઈ વિતરણ (નાસ્તો)
- ❖ ગામ–શાળામાં પ્રવેશોત્સવ સંદર્ભે સૂત્ર લેખન
- ❖ બાળકોને પા.પુ., ગણવેશ, દફતર, પેન, પેન્સિલનું વિતરણ
- ❖ *V.E.C., M.T.A., P.T.A.* ના સભ્યોની શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અન્વયે મિટીંગ

**શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમથી થતો લાભ :**

કોઈ પ્રસંગને ઉત્સવ બનાવી દેવામાં આવે પછી તેની મજા જ કંઈ જુદી હોય છે. બાળકોના શાળા પ્રવેશ કાર્યક્રમને ઉત્સવ બનાવવાથી એક નવું જ વાતાવરણ બને છે. માનવી–માનવી, શિક્ષક–સમાજ, શિક્ષક–વિદ્યાર્થી અને સમાજ–વિદ્યાર્થી વચ્ચેનું સમૂહમાં આદાન–પ્રદાન *(Comunication)* થાય છે. સંપ, સહકાર અને સૌદાર્ય વિકસે છે. બાળકોમાં આવા કાર્યક્રમથી અનેક મૂલ્યોનું સીધું જ આરોપણ થાય છે.

**'શાળા પ્રવેશોત્સવ' કાર્યક્રમથી શું લાભ થાય છે તે જોઈએ –**

- ❋ નામાંકન ૧૦૦% થાય.
- ❋ નિરક્ષરતા દૂર કરવાની પ્રક્રિયાનો મોટો ભાગ છે.
- ❋ એક જ દિવસે શિક્ષણ કાર્ય શરૂ કરતાં તમામ બાળકો સમાન શિક્ષણ મેળવે.
- ❋ બાળકો–વાલી–ગ્રામજનો–સંચાલકો અને શિક્ષકો વચ્ચે સંવાદ, આદાન–પ્રદાન.
- ❋ શાળામાં જે બાળકોને પ્રવેશ નહી અપાવવાં ઈચ્છતા વાલી પણ આ કાર્યક્રમથી પોતાના બાળકને શાળમાં પ્રવેશ આપવાં માટે પ્રેરાશે.
- ❋ અપવ્યય–સ્થગિતતાનું પ્રમાણ ઘટશે.
- ❋ વાલીઓ–સમાજનું શાળા પ્રત્યેનું આકર્ષણ વધશે, વલણ બદલાશે.
- ❋ લોક સહકાર પ્રાપ્ત કરી શકાય.
- ❋ શિક્ષકો અધ્યાપન કાર્ય કરવામાં મુશ્કેલી ન અનુભવે.

ગુરૂજનો, આપની શાળામાં ''શાળા પ્રવેશોત્સવ'' કાર્યક્રમ ભવ્યાતિભવ્ય બની રહે. આ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થાય તેવી 'ઈશ' પ્રાર્થના.

**ચાલો, આપણે પણ અષાઢી બીજ ( રામ રથોત્સવ ) તાઃ ૧ લી જુલાઈ–મંગળવાર ૨૦૦૩ ના દિવસને ''બાળ દિપાવલી'' નો ઉત્સવ બનાવી દઈએ. 'રામ રથોત્સવ' દિવસને 'બાળ રથોત્સવ' દિન ઉજવીએ**


લેકચરર,
ડાયેટ – સુરેન્દ્રનગર.


<u>ખાસ નોંધ :</u> કેટલીક શાળાઓ પ્રવેશપાત્ર ઉંમર ધરાવતાં બાળકોને તેમની જન્મ તારીખને ધ્યાને લઈ પાંચ વર્ષ પૂર્ણ થાય ત્યારબાદ જ શાળામાં પ્રવેશ આપે છે. આ કારણે પ્રવેશોત્સવ દરમ્યાન આવા બાળકોને ભાગ લેતા તથા શાળામાં અભ્યાસ કરતાં અટકાવે છે. આવું ન કરતાં ચાલુ વર્ષે પ્રવેશપાત્ર બાળકની જન્મ તારીખ પ્રવેશપાત્ર હોય તે સૌ બાળકો પ્રવેશોત્સવમાં ભાગ લે અને શાળામાં સૌ સાથે ભણવા આવે તેમ કરવું.

સાચો શિક્ષક બાળકોને
ભૂતકાળનો ખ્યાલ આપીને
ભવિષ્યના દરવાજા સુધી પહોંચાડે
છે. આજ સુધી દુનિયાએ શું કર્યુ
તેનો ખ્યાલ આપીને આવતીકાલે
માનવજાતે શું કરવાનું છે તેનું
સૂચન કરે છે.

**– સાને ગુરૂજી**

# ઝાલાવાડનો સપૂત – 'સરદારસિંહ રાણા'

(સ્મરણાંજલિ)

– સી. ટી. ટૂંડીયા

**લોટમાં કાંકરીને ભાંભળા પાણી,**
**આખા બોલા માનવી, છે ઝાલાની એંધાણી.**
**ઝાઝાં ઝાળા ઝાંખરા, અણિયારો દેશ,**
**ભોમાં ભાલા નીપજે, જોયો ઝાલા દેશ.**

સૌરાષ્ટ્રની ઘીગી ધરા અને તેનો સુરેન્દ્રનગર જિલ્લો. સુરેન્દ્રનગર જિલ્લો એટલે સપ્તરંગી ભૂમિ. એક બાજુ ઝાલાવાડ–કાઠીયાવાડ, બીજી બાજુ નળસરોવર અને ખારાઘોડાનો રણવિસ્તાર. એક તરફ પાંચાલ અને તેનો ઠાંગો વિસ્તાર અને બીજા છેડે ભાલ.

ભારત દેશની સ્વતંત્રતાની ચળવળમાં અનેકાનેક સ્વાતંત્ર્ય સેનાનીઓ, ક્રાંતિવીરો અને નેતા શહીદ થયાં. સ્વાતંત્ર્યની ચળવળમાં સુરેન્દ્રનગર જિલ્લાના અનેક સપૂતોએ આહુતી આપી છે. જેમાં – શ્રી ઝવેરચંદ મેઘાણી, શ્રી શિવાનંદ સ્વામી, શ્રી ફૂલચંદભાઈ શાહ અને શ્રી સરદારસિંહજી રાણા.

આઝાદી ચળવળમાં એક અનોખું યોગદાન આપનાર, સશક્ત–નિર્ભય ક્રાંતિવીર, હીરાના કુશળ વહેપારી, વકીલ, દાનવીર અને પ્રખર દેશ ભક્ત એટલે – 'સરદારસિંહજી રાણા'.

સરદારસિંહજી રાણાનો જન્મ ચૂડા તાલુકાના અંતરિયાળ ગામ કંથારિયામાં **તા : ૧૯ મી માર્ચ – ૧૮૭૦ (રામનવમી)** ના રોજ થયો હતો. સાધારણ સ્થિતિના આ માણસને 'ખુમારી' કુટુંબના વારસમાં મળી હતી.

લીંબડી સ્ટેટના ઠાકોર સાહેબ શ્રી જશવંતસિંહજીએ આ તેજસ્વી યુવાનને ઉદાર દિલે સહાય કરેલી. કાયદાના વધુ અભ્યાસ માટે તેઓ લંડન ગયાં. જ્યાં તેમની મુલાકાત સ્વાતંત્ર્યવીર શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા સાથે થઈ. આ મુલાકાત – દોસ્તી રાણાજીને આઝાદીના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ખેંચી લાવી.

મહાત્મા ગાંધીની વિચારધારાથી તદ્દન વિરુધ્ધ વિચારધારા દ્વારા તેઓ ક્રાંતિ મેળવવાં ઈચ્છતા હતાં. પૂ.બાપુ અને સરદારસિંહજી રાણા સહાધ્યાયી હતાં. પૂ.બાપુ શ્રી સરદારસિંહજી રાણાને **'સદુભા'** કહીને બોલાવતાં. શ્રી જવાહરલાલ નહેરુ (ચાચાજી)ના આગ્રહથી સ્વતંત્ર ભારતના દર્શન કરવા તેઓ ૧૯૪૮ માં ભારત આવ્યાં ત્યારે પૂ.ગાંધીજીને મળવા ગયાં. પૂ.બાપુને મળવા ગયાં ત્યારે તેમનો મૌન દિવસ હતો. છતાં પણ 'સદુભા'ના આગમને પ્રથવાર પૂ.બાપુનો નિયમાભંગ થયો. પૂ.બાપુ અને સદુભાએ તે દિવસે મનભરીને વાતો કરી.

માતૃભૂમિની આઝાદી મેળવવાં માટે તેઓ બોમ્બ બનાવતાં શીખ્યાં. તેઓ સદૈવ માનતા કે – 'સશકત ક્રાંતિ કરવી હોય તો લશ્કરી તાલીમની જરૂર છે'. તેઓ એ ફ્રાંસનું નાગરિકત્વ (કર્મભૂમિ) સ્વીકારેલું. ફ્રાંસ ખાતેનું એમનું મકાન એ ભારત દેશના 'સશસ્ત્ર ક્રાંતિવીરો'નું ઘર ગણાતું. વિદેશમાં રહીને 'રાષ્ટ્ર ભક્તિ'ની ફરજ કેમ અદા કરી શકાય તેનું ઉમદા ઉદાહરણ શ્રી સરદારસિંહજી રાણા સિવાય બીજું કોણ હોઈ શકે...! ફ્રાંસની સરકારે તેમના પર રાજદ્રોહનો આરોપ મૂકી તેમને જેલમાં ધકેલી દીધાં. પાછળથી ફ્રાંસની સરકારે તેમને ઈલકાબ જાહેર કરેલો.

પોતાના વ્હાલસોયા પુત્રના મૃત્યુ પછીની વીમાની બધી રકમ 'શાંતિનિકેતન આશ્રમ' (કલકતા) સંસ્થાને મોકલી આપેલી. બનારસ યુનિવર્સિટીની સ્થાપના કરવા માટે એ જમાનામાં રૂા. ૫,૦૦,૦૦૦/– (પાંચ લાખ) નું માતબર દાન કરેલું.


માદામ કામાએ જર્મનીમાં ૧૮ ઑગસ્ટ ૧૯૦૭ ના રોજ સ્ટુટગાર્ટમાં રાષ્ટ્ર ધ્વજ ફરકાવેલો. આ ધ્વજવંદનવિધિમાં તાજના સાક્ષી શ્રી રાણાજી હતાં.

તેઓ જ્યારે ભારત આવેલાં ત્યારે તે ધ્વજ શ્રી જવાહલાલ નહેરુને ભેટ ધરેલો.

સરદારસિંહજી રાણા ભારતની જન્મભૂમિ પર પાછળની જિંદગી પસાર કરી. તેઓને ભગવાન સોમનાથના દર્શન કરવાની ઈચ્છા થઈ. **તા : ૨૫, મે ૧૯૫૭** ના રોજ હૃદયરોગનો હુમલો આવતાં જ પ્રભાસપાટણ (સોમનાથ) ખાતે ભગવાન આસુતોષના ચરણોમાં લીન થઈ ગયાં.

જ્યાં સુધી સૌરાષ્ટ્રની આ ધીંગી ધરામાં, ભારત રાષ્ટ્રમાં આવા સપૂતો જનમતાં રહેશે ત્યાં સુધી ભારતની આન–બાન–શાન ચંદ્ર–સૂરજની જેમ સદૈવ અખંડ રહેશે. ધન્ય છે આ ક્રાંતિવીરની જનેતા, જન્મભૂમિ અને સદ્દભાના જીવન કર્મોને. **ઝાલાવાડના સપૂત -- 'શ્રી સરદારસિંહજી રાણા'**ની ૪૬ મી પુણ્યતિથિ નિમિતે સ્મરણાંજલિ, વંદના.

**– લેકચરર, ડાયેટ – સુરેન્દ્રનગર.**



## કોમ્પ્યુટર શીખવું છે ?

ડી. કે. ગોસાઈ

એપ્રિલના અંકમાં આઉટપુટ ડિવાઈસ વિશે માહિતી મેળવી હતી. હવે આપણે કોમ્પ્યુટરના અન્ય મહત્વના કેટલાક સાધનો વિશે જાણકારી મેળવીશું.

**સ્પીકર :–** કોમ્પ્યુટરના સી.પી.યુ.માં આવેલ સાઉન્ડ કાર્ડના આઉટપુટ સાથે જુદાં જુદાં વૉટના સ્પીકર જોડી શકાય છે અને તેના દ્વારા ઈચ્છિત શ્રાવ્ય આઉટપુટ તરીકે મેળવી શકાય છે. તેના દ્વારા કોમ્પ્યુટરમાં રહેલ અથવા ઓડિયો સી.ડી. દાખલ કરીને ગીતો સાંભળી શકાય છે.

**પોર્ટ્સ :–** કોમ્પ્યુટરમાં સિરિયલ પોર્ટ અને પેરેલલ પોર્ટ એમ બે પ્રકારના પોર્ટ સોકેટ આવેલાં હોય છે. એના દ્વારા કેબલથી અલગ અલગ ડિવાઈસ સાધનો (પ્રિન્ટર, મોડેમ, માઉસ, સ્કેનર વગેરે) ને કોમ્પ્યુટર સાથે જોડી શકાય છે. દરેક સાધનને જોડવા માટે અલગ અલગ પોર્ટ સોકેટ આવેલા હોય છે.

**મોડેમ :–** બે કોમ્પ્યુટરની માહિતીની આપ–લે ટેલિફોન લાઈન દ્વારા કરવા માટે બંને કોમ્પ્યુટરોને ટેલિફોન લાઈન અને જે એક સાધન દ્વારા જોડવામાં આવે છે તે સાધનને મોડેમ કહેવામાં આવે છે. ટૂંકમાં ઈન્ટરનેટનું કનેકશન સ્થાપિત કરવા ટેલિફોન લાઈન સાથે મોડેમ ખૂબ જ જરૂરી સાધન છે. મોડેમ દ્વારા કોમ્પ્યુટરમાં વપરાતા ડિજિટલ સિગ્નલ માહિતીને ટેલિફોન લાઈનમાં મોકલી શકાય તેવા એનેલોગ સિગ્નલમાં રૂપાંતર કરવાની ક્ષમતા છે. તે ટેલિફોન લાઈનના સામેના છેડે ટેલિફોન સિગ્નલ ને કોમ્પ્યુટર સમજી શકે તેવા ડિજિટલ સિગ્નલમાં ફેરવવાનું કાર્ય કરે છે.

(ક્રમશ:)

## યોગ

સંકલન : કાશ્મિરાબેન મહેતા

**ઉષ્ટ્રાસન :–**

ઉષ્ટ્ર એટલે ઊંટ. આ આસનની સ્થિતિ વખતે શરીરનો આકાર ઊંટને મળતો આવે છે તેથી તેને ઉષ્ટ્રાસન કહે છે.

**કેવી રીતે કરવું ?**

- આસન પર બન્ને પગ ઢીંચણથી વાળીને બેસો. બન્ને પગના ઢીંચણ અને પગના આંગળા જમીન પર રહેશે. બન્ને પર વચ્ચે એકાદ ફુટનું અંતર રાખો.
- બન્ને હાથને પાછળથી લંબાવીને તેનાથી પગના કાંડાને પકડો.
- સાથળ, પેટ અને છાતી આગળ ખેંચો અને માથાને પાછળ વાળો. ગોઠણથી માથા સુધીનું શરીર એક કમાનની જેમ વળેલું રહેશે.
- આ અવસ્થા દરમ્યાન શ્વાસોશ્વાસ સામાન્ય ગતિથી ચાલુ રાખો.
- આ અવસ્થામાં જેટલો સમય રહી શકાય તેટલું રહી પછી વિપરીત ક્રમે પાછા આવો.

**ફાયદા :–**

- કરોડરજ્જુને લચીલું, સ્વસ્થ અને કાર્યક્ષમ રાખે છે.
- કબજિયાત અને અજીર્ણ દૂર થાય છે.
- શ્વસન ક્ષમતા વધે છે.
- લિવર, બરોડ અને પેનક્રિયાસ સ્વસ્થ અને કાર્યક્ષમ રહે છે.

**અભિનંદન**

મૂળી તાલુકાના દાધોલીયા ગામના શ્રી ધીરૂભાઈ ટપુભાઈ પ્રજાપતિએ તેમના માતા–પિતાના સ્મરણાર્થે ગામની શાળામાં પાણીની સુવિધા માટે 'સબ મર્શિબલ પંપ સેટ' અર્પણ કરેલ છે.

# બે ટટ્ટુ
## ( વાર્તા )

એક વેપારી પાસે બે ટટ્ટુ હતા. તે આ ટટ્ટુ પર સામાન લાદીને પહાડો પર વસેલા ગામોમાં લઈ જઈને માલસામાન વેચવાનું કામ કરતો. એક વખત એવું બન્યું કે આ બે ટટ્ટુમાંથી એક ટટ્ટુ કંઈક બીમાર થઈ ગયો. વેપારીને ખબર ન હતી કે તેનો એક ટટ્ટુ બીમાર છે, પહાડોપર વસેલા ગામમાં વેચવા માટે મીઠું, ગોળ, દાળ, ચોખા વગેરે એક દિવસ તેને લઈ જવાનું કામ હતું. આથી તેણે બન્ને ટટ્ટુઓ પર બરાબર – બરાબર સરખો સામાન ગોઠવી દીધો અને માલ–સામાન વેચવા માટે ચાલી નીકળ્યો.

ઊંચા–નીચા પહાડી રસ્તા પર ચાલવામાં બીમાર ટટ્ટુને બહુજ ત્રાસ થવા માંડયો. બીમાર ટટ્ટુએ બીજા ટટ્ટુને કહયું – ''આજે મારી તબિયત ઠીક નથી તેથી મારી પીઠ પર લાદેલી એક ગુણી હું નીચે પાડી નાખું છું, તમે અહીયા ઊભા રહો. આપણા માલિક તે ગુણીને તમારી ઉપર રાખી દેશે. મારો ભાર થોડો ઓછો થશે તો હું બીમાર હોઈને તમારી સાથે ચાલી શકીશ જો તમે આગળ ચાલ્યા જાશો તો આ નીચે પડેલા થેલાને ફરીથી મારી પીઠ પર આપણા માલિક ગોઠવી દેશે.'' બીજો ટટ્ટુ બોલ્યો – ''તમારો ભાર ઊંચકીને લઈ જવા માટે હું શા માટે ઊભો રહું ? શું મારી પીઠ પર કંઈ ઓછો ભાર લાદ્યો છે ? હું મારા ભાગનો જ ભાર ઊંચકીને ચાલીશ.''

બીમાર ટટ્ટુ આ વાતથી ચુપ થઈ ગયો. પરંતુ હવે તેની તબિયત પહેલાં કરતાં વધારે લથડવા લાગી. ચાલતાં ચાલતાં પત્થરના એક ટુકડાની ઠોકર લાગવાથી તે ત્યાં પડી ગયો અને પહાડ પર ઢોળાવ હોવાથી લથડતો લથડતો જઈને ખાડામાં પડયો. આવી રીતે બીચારો બીમાર ટટ્ટુ મરી ગયો.

વેપારી પોતાના એક ટટ્ટુને ગુમાવવાથી બહુજ દુઃખી થયો, તે થોડીક વાર ત્યાં આગળ ઊભો રહયો. પછી વેપારીએ મરી ગયેલા ટટ્ટુ પર જે સામાન લાદેલો હતો તે બધો જ સામાન બીજા ટટ્ટુ પર લાદી દીધો. હવે આ ટટ્ટુ પસ્તાવા લાગ્યો અને મનમાં ને મનમાં કહેવા લાગ્યો, ''જો મેં મારા સાથીનું કહેવું માનીને તેનો એક થેલો પહેલેથી જ લઈ લીધો હોત તો મારે તેના આ બધા જ થેલા ઊંચકીને ચાલવાનું થાત નહિ.''

આવી રીતે મુસીબતમાં પડેલા પોતાના સાથીને જે મદદ કરતા નથી, તેઓને પાછળથી પસ્તાવું પડે છે.

### ઉખાણાં

એક કાંચ કી લડકી, પારા પીકર રહેતી  
ગર્મી મેં વહ બઢતી, શીતલતા મેં ગીરતી  
હૈ ડૉકટરો કી વહ પ્રેમીકા, કહો કૌન રખે  
જો ધ્યાન સદા તાપકા ?

સોને–ચાંદી કી નહી ઉસે તનિક પરવાહ  
ઉસકે તન મન મેં બસી સિર્ફ લોહે કી ચાહ

( જવાબ આવતા અંકે...! )

### ચિંતન

સુખ કે દુઃખ જે કાંઈ આવે છે તે પોતાના કર્મથી જ આવે છે તેમ સમજીને સર્વ તરફ સમભાવ રાખવો. બુરુ થયું તો મારા કોઈ કરેલા કર્મથી થયું છે અને કોઈ આડુ અવળું ખરુ ખોટું બોલે તો પણ પોતાની ભૂલ જુઓ તો ધર્મ પમાય ને કર્મ કર્યા વગર તેવું બનતુ પણ નથી. કોઈ ને કોઈ પૂર્વકર્મ તો હશે જ તેવી સમજ ને વિચાર રાખવો.

**શ્રીમદ્ જેશીંગબાપા ( ગોધમજી – ઈડર )**

## સંસ્થા સમાચાર

એમ. બી. પરમાર — જે. એમ. પટેલ

→PTC ના (પ્રથમ/દ્વિતીય) વર્ષની લેખિત પરીક્ષાના 'સ્કવોર્ડની કામગીરી' અન્વયે શ્રી એન. જે. મકવાણા સાહેબ (પ્રાચાર્ય), શ્રી એન. કે. રાવલીયા અને શ્રી જે. એમ. પટેલ (લેકચરર) નિરીક્ષણ કાર્યમાં જોડાયાં.( ૨૪ થી ૦૭ એપ્રિલ/મે અને ૧૯ થી ૨૮ મે ૨૦૦૩)

→GCERT ગાંધીનગર દ્વારા આયોજિત CMDE, DRU, IEIC, ET, WE & PM શાખાના તાલીમ વર્ગોમાં અત્રે ડાયેટના શાખા વ્યાખ્યાતાઓ વડોદરા, કઠલાલ, ગાંધીનગર, જુનાગઢ, ઈડર અને મહેસાણા ખાતે 'શાખા સશક્તિકરણ તાલીમ વર્ગ' માં જોડાયા.

→પી.ટી.સી.(દ્વિતીય) પરીક્ષાની મૂલ્યાંકનની કામગરી અન્વયે ડાયેટના લેકચરર શ્રી ગોપાળદાસજી શિક્ષણ મહાવિદ્યાલય અલીયાબાડા ખાતે ઉપસ્થિત રહયાં. ઉપરોક્ત કામગીરીમાં શ્રી જે. જે. જોષી, શ્રી બી.પી પરમાર, શ્રી એમ. બી. પરમાર, શ્રી પી. એમ. મહેતા અને શ્રીમતી એસ. જી. પંડયા હાજર રહયાં. (તા : ૧૩ થી ૨૪ મે ૨૦૦૩)

→GCERT ગાંધીનગર દ્વારા આયોજિત VACATION WORKSOP ડાયેટ – વડોદરા ખાતે યોજાયો. આ તાલીમ વર્ગમાં શ્રી સી. ટી. ટુંડીયા ઉપસ્થિત રહયાં. (તા : ૨૨,૨૩ મે ૨૦૦૩)

→સી.આર.સી./બી.આર.સી./કે.નિ. (તમામ) ના સાથે વાર્ષિક આયોજન અંગે મિટીંગનું આયોજન કરવામાં આવ્યું. ઉપરોક્ત તાલીમ વર્ગમાં શ્રી એન. જે. મકવાણા સાહેબ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું. ( તા : ૩૦ મે ૨૦૦૩)

→DCETA , NCERT , New Delhi દ્વારા આયોજિત "Integration of Information and Communication Technology in School Education." ના તાલીમ વર્ગમાં શ્રીમતી સોનલબેન ચૌહાણ ઉપસ્થિત રહયાં. ( તા : ૧૯ થી ૩૦ મે ૨૦૦૩)

→GCERT ગાંધીનગર દ્વારા પ્રેરિત તથા ડાયેટ – પાલનપુર આયોજિત 'મૂલ્યાંકન સેમિનાર' મડાણા(ગઢ) તા.જિ.પાલનપુર ખાતે યોજવામાં આવ્યો. ઉપરોક્ત સેમિનારમાં શ્રી એમ. આર. કોરડીયા ઉપસ્થિત રહયાં. (તા : ૨૮ થી ૩૧ મે ૨૦૦૩)

→કે.નિ./બી.આર.સી./સી.આર.સી.(તમામ)ને કોમ્પ્યુટર તાલીમથી સજ્જ કરવા માટે ડાયેટ પર પાંચ તબકકામાં તાલીમનું આયોજન કરવામાં આવેલ. આ તાલીમ વર્ગના વર્ગસંચાલક તરીકે શ્રી ડી. કે. ગોસાઈ દ્વારા સંચાલન કરવામાં આવી રહયું છે. (તા : ૩૧ થી ૨૭ મે–જૂન ૨૦૦૩)

→જી.સી.ઈ.આર.ટી. ખાતે પી.એન્ડ એમ.શાખાની મિટીંગમાં શ્રી એમ . બી. પરમાર ઉપસ્થિત રહયાં.(તા : ૨૩ મે ૨૦૦૩)

સ્ટેમ્પ

O.I.G.S. Printed Matter Book-Post

પ્રતિ,
આચાર્યશ્રી,
________ પે સેન્ટર / પ્રાથમિક શાળા,
તાલુકો : ________
જિ. સુરેન્દ્રનગર

રવાના :
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળની સામે,
સુરેન્દ્રનગર.
પીન : ૩૬૩ ૦૦૧